ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા માટેની યોજના મંજૂર કરવા ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ વર્ષ ૨૦૨૩-૨૪ ની રૂ.૨૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0050/J

સચિવાલય, ગાંધીનગર

તા:૧૮/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા:-**

1. વિભાગનો તા.૨૬/૦૯/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0050/J Section
2. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૧૨/૨૦૨૩ નો પત્રક્રમાંક: નં.અજાક/મ-૧/ ૨૦૨૩/૬૪૪૫-૪૬

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૩-૨૪ માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે કુલ રૂ.૫૦૦૦/- લાખની નવી બાબતોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા માટેની યોજના મંજૂર કરવા ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ વર્ષ ૨૦૨૩-૨૪ ની યોજનાઓને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને સીધા ધિરાણ યોજના હેઠળ નિગમોના લાભાર્થીઓને વિવિધ ધંધા/ વ્યવસાય/ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ધિરાણ આપવા માટેની વર્ષ ૨૦૨૩-૨૪ ની રૂ.૨૦૦૦.૦૦ લાખની યોજનાઓને આથી મંજૂરી આપવામાં આવે છે.

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની કુલ રૂ.૨૦૦૦.૦૦ લાખની યોજનાઓમાં યોજનાદીઠ નીચે મુજબની રકમ ફાળવવામાં આવે છે.**

**૧. મહિલા સમૃદ્ધિ યોજના**: યુનિટ કોસ્ટ રૂ. ૧.૦૦ લાખ, વર્ષ દરમ્યાન આવરી લેવાના થતા લાભાર્થીઓની સંખ્યા- ૫૦૦ પ્રત્યેક યુનિટના રૂ. ૧.૦૦ લાખ લેખે કુલ આ યોજનામાં રૂ. ૫૦૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવશે.

**૨. માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના:-** યુનિટ કોષ્ટક રૂ.૧.૦૦ લાખ,વર્ષ દરમ્યાન આવરી લેવાના થતા લાભાર્થીની સંખ્યા-૫૦૦ પ્રત્યેક યુનિટના રૂ.૧.૦૦ લાખ લેખે કુલ આ યોજનામાં રૂ.૫૦૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવશે.

**૩. વ્યકિતગત લોન યોજના:** -યુનિટ કોષ્ટ રૂ.૨.૦૦ લાખ, વર્ષ દરમ્યાન આવરી લેવાના થતા લાભાર્થીની સંખ્યા-૧૨૫ પ્રત્યેક યુનિટના રૂ.૨.૦૦ લાખ લેખે કુલ આ યોજનામાં રૂ.૨૫૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવશે.

**૪ સીધા ધિરાણ યોજના (ધંધા-વ્યવસાય/વ્હીકલ)**:- યુનિટ કોષ્ટ રૂ.૧૫.૦૦ લાખ, વર્ષ દરમ્યાન આવરી લેવાના થતા લાભાર્થીની સંખ્યા-૫૦ પ્રત્યેક યુનિટના રૂ.૧૫.૦૦ લાખ લેખે કુલ આ યોજનામાં રૂ.૭૫૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ની તા.૧૬-૦૧-૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ignature Not Verified
igned by: H T Gohel
ection Officer
ate: 2024.01.18
2:45:26 +05:30

File No: SJED/NIR/e-file/17/2023/0050/J Section
Approved By: Deputy Secretary,J Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(હેતલ ગોહેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા) ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ગ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ)
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2024.01.18
12:45:26 +05:30